**ન લખાયેલી કવિતાઓ માટે કવિતા**
**- કમલ વોરા**

૧
ન લખાયેલી કવિતાઓ
નથી હોતી – એવું નથી
એ સમજાતાં જ
હતપ્રભ થઈ ગયેલો કવિ
લખેલા શબ્દો પર ચડાવેલા
અલંકાર ઉતારી
આઘાપાછા કરી દે છે
ભાંગીને, વિશેષણોની રજકણ કરે છે
ક્રિયાપદોને
તોડીમરોડીફોડીને પાંગળાં કરી નાખે છે
પછી વિલાપ કરતા શબ્દોની સામે
અસહાય ઊભો રહી જાય છે
ન લખાયેલી કવિતાઓ
એને અનિમેષ તાકી રહી છે
તે પામી જાય છે
પણ લખી લખીને
અથવા ન લખીને પણ –
એ વ્યક્તમધ્યમાં છે,
કે અવ્યક્તમધ્યમાં
તે જાણી શકતો નથી

૨
ક્યારેક
જલ પર ઉદય જોઈને ચન્દ્રનો
કવિ
સાગરે ભાસતી ભવ્ય ભરતીમાં
ન લખેલી કવિતાનો નાદ
સાંભળે

ક્યારેક
ભોમિયા વિના ડુંગરા ભમતો
જંગલની કુંજકુંજ જોતો
કવિ
ચોપાસ ગબડી રહેલા પથ્થરોમાં
ન લખાયેલી કવિતાના અક્ષરો
જુએ

ક્યારેક
ગગનમાં કોણ ઘૂમી રહ્યો નીરખતાં નીરખતાં
કવિ
ન લખી શકાયેલી કવિતાના શબ્દ બોલે
બોલતાં બોલતાં
અખિલ બ્રહ્માંડને શબ્દલય-તાલે તોલે

૩
લખાયેલી કવિતા
આભ-સૂરજ-ધરતી-પાણી-હવા
ટાઢ-તડકો-વરસાદ
સવાર-બપોર-રાત
ખગોળ-ભૂગોળ-ઇતિહાસ
આદિ-મધ્ય
આંખ-જીભ-હાથ-કાન-નાક
ભાષા-વ્યાકરણ-લય-છંદ-પ્રાસ-ધ્વનિ
કલમ-સ્યાહી-કાગળ
સહુ... સહુની સહિયારી છે

ન લખાયેલી કવિતા
માત્ર અને માત્ર,
એકલા કવિની છે

કવિની નેમ
ન લખાયેલી કવિતા
લખવાની નથી;

પણ કવિતા લખી લખીને
ન લખાયેલી કવિતા લગી પહોંચવાની
પહોંચીને

ખોવાઈ જવાની છે

૪

ન લખાયેલી કવિતાનો ધન-ભાર
કવિ પાસે
કવિતા પછી કવિતા
લખાવતો રહે છે

ન લખાયેલી કવિતાના ઋણ-ભારે
કવિની
અણ-નમ કવિતા
નતમસ્તક થાય છે

૫

ન લખાયેલી કવિતા
'હોવું'ની નિરર્થકતા
ગોપવી રાખે છે
લખાયેલી કવિતા
'ન હોવું'ની સાર્થકતા
આલેખે છે
કવિ
કવિતાની આંગળીઓએ
લટકે છે લટકતો રહે છે

૬

લખે છે
ત્યારે કવિ જાણે છે
બેધ્યાન થતાં જ
કવિતા એને ઉઘાડો પાડી દેશે
છતાં
કવિ લખતો રહે છે
ન લખાયેલી કવિતાઓને
છાવરતો રહે છે

**જુઠ્ઠાણાં - કમલ વોરા**
*(કેટલાંક વધુ)*

**૧**

એ વાતેવાતે જુઠ્ઠું બોલતો
મા કાન આમળતી
પિતા કરડી નજર કરતા
નિશાળેથી આવતો ત્યારે હંમેશ

માસ્તરનાં આંગળાંની છાપ
મોં પર લઈને આવતો
એને સાચના પાઠ પઢાવાયા
સત્યના પ્રયોગો કરાવાયા
પણ એ જુઠ્ઠાણાંનો હેવાયો હતો
એણે નક્કી કર્યું
વિપુલા આ પૃથ્વી પર
એનાં તો માત્ર ચપટી જુઠ્ઠાણાં!
અને એને ગળા લગી ખાતરી હતી કે
એની બોલછા
એનાં વાતવાતનાં જુઠ્ઠાણાંને
ચૂપચાપ છુપાવી દેતી હતી

૨
નરી આંખે જોયાં
કાનોકાન સાંભળ્યાં
ચાખ્યાં ચૂસ્યાં ચાટ્યાં
સૂંઘી સૂંઘીને
છાતીના ઊંડાણે જાણ્યાં
અડીને
ફરી ફરી અડીને નાણ્યાં
ને પછી
આંખ-કાન-જીભ-નાક-હાથને
કદી ન પરખાય એવાં જુઠ્ઠાણાંનાં
આ
હાટડાં માંડ્યાં

૩
જડબાં ફાડી, જીભ લપલપાવતાં
રાતાઘૂમ ડોળા ઘુમાવતાં
આગ ઓકતાં
સામસામી તલવારો વીંઝતાં જુઠ્ઠાણાં
એકમેકને
માથાં વધેરીને ધરાશયી કરતાં હોય ત્યારે
વછૂટતા ફુવારાઓમાંથી
વેરાતાં
વધુ કદાવર વધુ કદરૂપાં જુઠ્ઠાણાં
જડબાં ફાડી, જીભ લપલપાવતાં
રાતાઘૂમ ડોળા ઘુમાવતાં
આગ ઓકતાં
સામસામી તલવારો તાણી રહ્યાં હોય

જુઠ્ઠાણાંની
આ લડાઈઓમાં કોઈ પક્ષે સાચ નથી
છતાં લડાઈઓ સાચી છે
હાર કે જીત વિનાની
જુઠ્ઠાણાંની જુઠ્ઠાણાં સાથે
જુઠ્ઠાણાંથી ખેલાઈ રહેલી
નિરંતર સાચી લડાઈઓ

૪
માત્ર એક - જુઠ્ઠાણાં- શબ્દને કારણે
શબ્દકોષ આખામાં
ખળભળાટ મચી ગયો છે
ક્યાંક ક્યાંક તો ધિંગાણાં થયાં છે
કેટકેટલા શબ્દો
અર્થમાં ખૂંપેલાં મૂળિયાંસમેત ખેંચાઈને
આમતેમ તેમઆમ ફંગોળાઈ ગયા છે
અડધાપડધા અકબંધ રહી ગયેલા કેટલાક
વિશેષણ થવા થનગની રહ્યા છે

કેટલાક ક્રિયાપદ થઈ
જુઠ્ઠાણાંને
વહી વહાવી જવા ઢોળાઈ રહ્યા છે
રહ્યાસહ્યા તૂટતાફૂટતા શબ્દોની ફોજોની ફોજો
એ એકમાત્ર કર્તા ભણી
એની ધધખતી આગમાં ભૂંજાઈ જવા
કૂચ કરી રહી છે

૫
શબ્દ સત્ય છે એમ ધારીને
કવિતા

જુઠ્ઠાણાં ચીંધવા જાય કે
પડકારીને પરાસ્ત કરવા જાય ત્યારે
ખરેખરી કટોકટી ઊભી થાય છે.
જુઠ્ઠાણાંની વરતાતી આણમાં
જગ આખું રસ-બંબોળ હોય ત્યારે
કવિતાની છેવટની સાર્થકતા
જીવને જોખમે કે ખપી જઈને
પોતાની ધારણાને
વળગી રહેવામાં છે.

૬
ભીતર
સત્યનો કણ છે,
ગમેતેમ ઊગરી જવાશે એમ ધારીને
માણસ
જુઠ્ઠાણાં સાથે ઘરોબો કેળવતો જાય છે
જુઠ્ઠાણાંને ઘમંડ હોય છે કે
ઘમાસાણની કોઈ ક્ષણ આવી ચડે તો
એ જંગ જીતી જશે

થાય છે એવું :

બન્ને ધારણાઓ જુઠ્ઠી ઠરે છે
* * *

**દરિયાનાં મોજાં પાછળ દોડતો છોકરો**

દરિયાનાં મોજાં પાછળ દોડતો છોકરો
દોડતાં દોડતાં ઊછળ્યો
ફંગોળાયો વળે ચડ્યો
અને પછડાયો ત્યાં સુધીમાં તો
મોજું થઈ ગયો
મોજું થતાંવેંત એને લાગ્યું
એ મોજું નહીં, દરિયો થઈ ગયો
હવે ભાઈબંધો સાથે લાંબી ડાંફે હડી કાઢતો
કાંઠા પર ચત્તોપાટ પટકાતો
તૂટી તૂટી વીખરાઈ જતો
ફરી બંધાતો ફરી ધૂધવતો
ખડકોને ઘેરી વળી

રેતીના પટ પર ઠેકઠેકાણે
ખિસ્સું ભરીભરીને લાવેલાં શંખ-છીપલાં વેરી
દેતો
ક્યારેક આઘે આઘે છેક છેવાડે પહોંચી જઈ
અતળ ઊંડાણેથી સૂર્યને ખોળી કાઢી ઢંઢોળી
રાતોબંબોળ કરી
આકાશમાં તરતો મૂકી
ખમીસના બટન ખુલ્લાં રાખી
ઝૂલતી નાળિયેરીઓ તરફ પાછો ફરતો અને
એકાદીની ટોચે ચડી જઈ હાઉકી કરી
પોરો ખાઈ
ધુબાકો મારતો ત્યારે ગોઠણ સુધી છોલાઈ જતો
લથબથ નીતરતો
ઊભો થતો ગડથોલું ખાતો ઊભો થતો અને
ભેરુઓની તાણે ઊંડે ઊંડે ખેંચાઈ જતો
વિકરાળ જળચરોનાં ખુલ્લાં મોંમાં બેસી રહેતો
માછલીઓની ચૂઈઓ પર સેલારા મારતો
વડવાનલની જ્વાળા સોંસરવો છલાંગ દેતો

જળપરીઓના મહેલોમાં
આંખો પટપટાવતો ફરી વળતો
ઊછળકૂદથી ધરાતો
ત્યારે ક્યાંય સુધી વિલાયેલા મોંએ
આકાશ સામે મીટ માંડી રહેતો
પછી અચાનક ઊભો થઈ
ફૂંકાતા પવનની આંગળીએ
ફરી કાંઠા તરફ વહી આવતો અને
દરિયાનાં મોજાં પાછળ દોડતો કોઈ છોકરો
જોતાં જ
ચોમેરથી વીંટળાઈ વળી
દરિયો ધમરોળી ધમરોળી શોધી રાખેલું મોતી
એની હથેળીમાં સેરવી દેતો

**જુઠ્ઠાણાં**
*(જાનીવાલીપીનારાં)*

ખરેખર તો
ત્રણ જુઠ્ઠાણાં : લાલ, પીળાં ને વાદળી.
કોઈ કહેતું : ત્રણ માથાળાં
કોઈ : ત્રણ પૂંછડિયાં
કોઈને ત્રિનેત્રાળાં દેખાતાં!
લાલ પકડાવામાં હોય તો પીળાં આગળ થતાં,
પીળાં ઝડપાઈ જવાનાં હોય તો
વાદળીની ઓથે છુપાઈ જતાં;
આમ
જુઠ્ઠાણાંનો સાચો રંગ પરખાતો નહીં.
હોય તે હોય,
ત્રેખડનો તાયફો ત્રાહિમામ્ ત્રાહિમામ્,
ત્રિવિધ તાપ રેલાવતો.
છાપરે ચડી પોકારતાં
ત્યારે ઊડતા રાતાચોળ ટશિયાથી
ખોબા લાલઘૂમ થઈ જતા;

ઝીલનારાની હથેળીઓમાં
ચહેરા રતુંબડા થઈ જતા.
રગોમાં લોહિયાળ અગ્નિના ભડકા ભભૂકતા;
પછી પેંતરો બદલાતો.
બરોબર માથે ઝળૂંબતાં
ત્યારે આંખો અંજાઈ જતી,
શરીરમાં, ફેફસાંમાં, રગોમાં ઊંડે સુધી
પીળાશ, નકરી પીળાશ
ઘેરી, ચચરાટભરી ફરી વળતી
રેતીના વિશાળ પટ પર ભર બપોેરે
એક છેડેથી બીજો છેડો
ઊતરડાઈ ગયોે હોય એવી.
પીળાં જુહ્રાણાં
બધે જ જુહ્રાણાં દેખાડતાં.

પણ પછી બધું ઠરીઠામ થતું જાય.
ચોમેર ઊડાઊડ કરતી
આરપાર રાખોડી થઈ રહેલી રજમાંથી
રહ્યુંસહ્યું અજવાળું પણ ખૂંચવી લેતી
આથમતી સાંજ જેવાં
ઠાવકાં ને ટાઢાંબોળ જુહ્રાણાં.
ગફલત થાય કે અંધારપછેડી ઓઢી
ત્રણેય ગોટમોટ પોઢી ગયાં કે શું;
પણ ખરેખર તો દરમિયાન
પરસ્પરમાં લપેટાતાં-ગૂંથાતાં
થોડું તળેઉપર, આઘુંપાછું કરી લેતાં
તરાપ મારવા તત્પર
વલખતાં હોય અને એકાએક કૂદી પડે
એક વિરાટ પગલે
ધરતીથી આકાશ લગી
જાનીવાલીપીનારાં, સોહામણાં.
જોનારા તો
આફરીન આફરીન-ના પોકારોમાં

બે-ધ્યાન, બે-ભાન થઈ રહ્યા હોય ત્યારે
જાનીવાલીપીનારાં
છેલ્લો, છેક છેવટનો દાવ ખેલી નાખે.
એકમેકમાં ભળી જઈ, ઓગળી જઈ
એકરૂપ, એક થઈ
એક જ ધોળા રંગમાં
અસલિયત છુપાવી દે, સિફતથી.
પછી
ગળાં ફાડી ફાડીને હાકોટા મારે :
જુહ્રાણાં નથી, ક્યાંય નથી –
નેસ્તનાબૂદ, નેસ્તનાબૂદ
ખદેડી દેવાયાં છે
આ પૃથ્વી પરથી આઘે આઘે, કોઈ બીજા ગ્રહે.
હોય
ક્યાંય હોય
ક્યાંક એકાદ જુહ્રાણું તો દેખાડો!
સાંભળનારા
અવાચક, એક-કાને સાંભળતા હોય ત્યારે
બરોબર ત્યારે
એક પછી એક
પછી એક, એકધારાં, નિત નવાં, નિરંતર
રંગબેરંગી જુહ્રાણાં
રેલાતાં જાય, રેલાતાં જાય
જૂજવે રૂપે અનંત આ અખિલમાં
ત્રણનાં તેત્રીસ પર
મીંડાં પર મીંડાં ચડતાં જાય...
*

૮૯ *(Poem no 89 from **VRUDDHASHATAK**)*

જીવતેજીવત
બોધ તો થઈ ગયેલો : જીવવું અઘરું છે
પણ મરવું એથીય અઘરું
એની ખબર તો છેક
જીવ તાળવે ટીંગાયો ત્યારે પડી
એણે ધારી રાખેલું
એક વસ્ત્ર ઉતારવાનું અને બીજું પહેરવાનું
પણ સાવ સામે ઊભા રહી ડાકલાં વગાડતું
એકધારું ઘોંચપરોણા કરતું
છાતી પર ચડી જઈ છાણાં થાપતું
શ્વાસમાં ફૂંફાડાભેર ઊતરી જતું
હાડનાં પોલાણોમાં ધમપછાડા કરી આવતું
મરવું
આમ થકવી હંફાવી હરાવી દેશે
એવું સપનેય નહોતું વિચાર્યું
એ અઢળક કાકલૂદી કરતો
ક્યારેક વહેમ થતો :
આ મરણને તો
મારવા કરતાં રંજાડવું વધારે
ને નિરાધાર એ તૈયાર પણ થતો
પણ સાંભળવું તો ક્યારનું ગયું હોવા છતાં
જ્યારે કોઈ વાર
– કોણ જાણે ડોસાનો જીવ શેમાં અટવાયો છે
તે મરવાનું નામ નથી લેતો – શબ્દો કાને પડી
જતા

સમજાઈ પણ જતા
ત્યારે મરવાની અણી પર બોધ થઈ જતો :
ન મરી શકવું સહુથી અઘરું...